# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૬૭ • તા. ૨૧ જૂન થી ૨૭ જૂન ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.

જન સેવા એજ પ્રભુ સેવા

અતિથિ દેવો ભવઃ

## શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન
## નલિયા - કચ્છ



# નલિયા ગામ અને જ્ઞાતિના વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું...





Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member

SHUBH
DIAMONDS







RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ખુલ્લી આંખે જોવામાં આવે તે સપનાં


સપનાં એટલે ઊંઘમાં આવે, ઘસઘસાટ ઊંઘ હોયને ત્યારે સુષુપ્ત મસ્તિકમાં ભયાવક કે મજેદાર ઘટનાઓ આપણને દેખાય, આંખો ભલે બંધ હોય પણ, સારા સપનાં મનને ગમે, ખરાબ કે અઘટિત પ્રસંગો ધરાવતા સપનાથી ઊંઘ ઉડી જાય અને પછીએ સપનાં ને કારણે મનમાં ગભરાટ થાય, શંકા કુશંકા જાગે, અઘટિત બનાવ ઘટવાના ભયે ચેન ન પડે, સતત ડર લાગ્યા કરે. આ સપનાંની સૃષ્ટિ છે. સારા-મનગમતાં સપનાથી પોરસ ચડે ને ખરાબ સપનાંથી દિવસ રાતનું ચેન હરાઈ જાય.

હકીકતમાં ઊંઘમાં આવે એ સપનાં નથી એ મનો સૃષ્ટિની ભ્રમણા છે. સાચાં સપના તો ખુલ્લી આંખેથી જોવામાં આવે એ છે. અરે, સપનાં તો આપણને ઊંઘવા ન દે. સપનાં પોતાની મેળે સાચાં પડે એ માટે હાથ પર હાથ ધરી બેસવાથી ન થાય. સપના પૂર્ણ ત્યારે જ થાય જ્યારે દિવસ-રાત એક કરીને અથાગ મહેનત કરવામાં આવે. નહીં તો પછી સપનાં જોવામાં જ જિંદગી આમજ વિતી જાય. જે લોકોને માત્ર સપનાં જોવાનું જ પસંદ છે તેવાઓને રાત ટૂંકી લાગે છે અને જે લોકોને સપનાં પૂર્ણ કરવાની જીદ ચડે છે એમને માટે દિવસો ટૂંકા પડે છે. જ્યાં વિશ્વાસ ને શ્રદ્ધા છે શ્રમ અને શક્તિ છે ત્યાં જીદ કરવાથી સપનાં સાકાર થઈ શકે છે.

કંઈક બનવાનું સપનું જોવાથી મોટા કે મહાન નથી થઈ જવાતું. પણ મહાન કાર્ય સિદ્ધિપૂર્ણ ભાવનાથી સપના સાકાર થઈ શકે છે. ચાંદ તારા સુધી આપણે પહોંચી ન શકીએ પરંતુ આપણી નજર તેમની પર જરૂર રહેવી જોઈએ. નાના સપના જોવા ન જોઈએ. સપનાં તો એટલા મોટા હોવા જોઈએ જેનાથી આપણી જીંદગી જ બદલાઈ જાય, માત્ર જોવાથી સપનાં સાકાર નથી થવાનાં સપનાં જોઈને તેને ભૂલવા ન જોઈએ. પણ તેને સાકાર કરવા સાહસને શ્રમ કરવું જોઈએ. આપણા સપનાં બીજાને માટે પ્રેરક બને તે માટે સમય અને શક્તિનો બને તેટલો ઉપયોગ કરવો જોઈએ. જેટલા મોટા સપના તેટલા તેને સાકાર કરવા મથવું પડશે. આ કામ જાગવાથી થશે નહીં કે સૂવાથી. ઊંઘ વેરણ કરી દે એ ખરાં સપનાં છે. પ્રયત્ન કર્યા પછી પણ જો સપનાં સાકાર ન થાય તૂટી જાય તો બીજું સપનું જોવું. સતત સપનાં જોવાથી મોટા સપનાં સેવવાથી જ મોટા બની શકાશે. આપણું ભવિષ્ય આપણે કેટલાં સપનાં જોયા અને કેટલાં સપનાં સાકાર કર્યા એની ઉપરથી ઘડાય છે. સપનાં તો દરેક જણ જુએ છે પણ તેને પૂર્ણ કરવાની જીદ ને ઝનૂન કોક ધરાવે છે.

આખી દુનિયાને જીતવાની ને એને ઝૂકાવવાની ક્ષમતા જેમાં પરસેવો પાડવાની તાકાત છે, જેની પાસે દ્રઢ સંકલ્પ શક્તિ છે, સાહસ ભર્યો જીગર છે અને અથાગ મહેનત કરવાનું ઝનુન છે. તેઓના બધા સપનાં સાકાર થઈ શકે છે. સપનાં આવેને હાથમાંથી છટકી જાય ત્યારે તેની પાછળ ચીલ ઝડપે દોડી પકડી પાડવાની ક્ષમતા હોય તો જ એ તાબે આવે છે. નહીં તો હાથમાંથી જ છટકી જાય છે. રાતે ઊંઘમાં જોએલા સપનાં પછી ઘસઘસાટ ઊંઘ આવે છે. પણ ખુલ્લી આંખે જોયેલા સપનાં ઊંઘને વેરણ કરી દે છે. જાગૃત અવસ્થામાં જોએલા સપનાં આપણી જિંદગીને બનાવે છે.

-જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# સુખ મેળવવાનો રસ્તો

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આપણે એવું માનીએ છીએ કે જીવનમાં સુખ મેળવવા માટે પૈસા હોવો જરૂરી છે. અધિક માત્રામાં પૈસા હશે તો સુખની માત્રા પણ અધિક હશે. એવું આપણું માનવું સદંતર ખોટું છે. અર્થશાસ્ત્રીઓ અને માનસ શાસ્ત્રીઓએ કરેલા સંશોધનમાં એક વાત સ્પષ્ટપણે તરી આવી છે કે ઊંચી આવક ધરાવનારી વ્યક્તિઓ હમેંશા સુખી જ હોય છે એવું માનવું માત્ર ભ્રમણા છે. જીવનમાં વ્યવસ્થિત ગોઠવાયેલા રહેવા માટે પૈસા વડે જ સુખ સુવિધા મળે છે એ વાત ઓછા વધુ પ્રકારે બરાબર છે. એ અર્થમાં માણસ પાસે આર્થિક સમૃધ્ધિ હોય તો એ સ્થિતિ વરદાન જેવી પણ છે. છતાં માત્ર શ્રીમંત હોવું એ પરિસ્થિતિને સુખ સાથે જોડી દેવાની વાત ઘણાં અંશે ભ્રામક છે. સામાન્ય આવક ધરાવતાં લોકો પણ બાહ્ય અને આંતરિક સુખના સંદર્ભમાં બહોળી આવક ધરાવતા લોકો કરતાં વધારે સુખી અને સંતોષી જીવન જીવી શકે છે.

બિઝનેસ અને મેનેજમેન્ટમાં કંઈ રીતે સફળ થવું એના વિશેની આંટીઘૂંટી ઉકેલવાના પાઠ શીખવતા અનેક વિદ્વાનોના ઉપદેશાત્મક વચનો, પ્રવચનો અને સેમિનાર તથા એ વિષય પરના અનેક પુસ્તકો મળી રહેશે પણ ઉજ્જવળ આર્થિક ભાવિ ધરાવતા યુવક યુવતીઓ સમક્ષ માણસાઈનો નાનકડો વિચાર મૂકી આપવાનું કામ તો કોઈએ કરવું જ પડે. એ સંદર્ભે એક વિદ્વાન વકતાએ કહ્યું છે કે બીજાને હૂંફ આપશો તો તમારી જિંદગી હૂંફાળી બનશે. જો તમે હૂંફ વિનાની જિંદગી માત્ર પૈસા રળવા માટે જ જીવશો તો અંતે તમારી પાસે કંઈ નહીં હોય.

એટલે જ એક શાયરે લખ્યું છે કે 'વેંચાઈ જવા કરતાં વહેંચાઈ જવામાં વધુ લિજ્જત છે.' નગદ નાણાના વ્યવહારથી કોઈની પક્ષે આપણે ઢળી જઈએ એ કરતાં વહેંચાઈ જવામાં મોજ આનંદ છે, મજા મજા છે. વહેંચાઈ જવું એટલે પોતાની અંદર સીમિત થઈ જવું નહીં, એક કોચલામાં એકાકી જેવું રહેવું નહીં પણ સમાજના બહોળા વિસ્તારમાં ફેલાઈ જઈ, પ્રસરી જવું, વહેંચાઈ જવું અને આસપાસના લોકો સાથે નિર્વિકારપણે ભળી જવું. આપણી પાસે જે કંઈ છે એનો થોડો હિસ્સો બીજાઓ સુધી પહોંચે એવી સામાન્ય પ્રતિબધ્ધતા મોટી સંકલ્પ શક્તિ સર્જે છે.

એક માણસ બીજા માણસને મદદ ન કરે પણ હૂંફ આપે એટલું પણ બસ છે. આ કાર્ય પોતાના નામની તકતીઓ ખોડાવવા માટે પણ કરવાનું નથી. ધોમ-ધખતાં તડકામાં એક ખોબો પાણી ઈચ્છતાં તરસ્યાં લોકો માટે નાનકડી અને અનામી પરબ બાંધવા જેવી આ સમજ છે. મહત્વ પરબનું છે. એ દ્વારા થનારા ઉપયોગી સેવાકાર્યનું છે. પરબ ખોલનાર વ્યક્તિનું નહીં. આ સમજનું સુખ અબજો રૂપિયા કમાવનારને મળવાનું નથી.

સુખ એક માનસિક અને વ્યક્તિગત વિચાર માત્ર છે. એ આપણી અંદર જ ક્યાંક છૂપાયેલું હોય છે. કરૂણતા એ છે કે મોટા ભાગના લોકો સુખને એમના જડબેસલાક બંધ તિજોરીના ખાનામાં શોધવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે. જેમાં અમૂલ્ય સમય ગુમાવી દઈએ છીએ.

## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# નલિયા ગામ અને જ્ઞાતિના વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું...









## શ્રી ક.દ.ઓ.જૈન (નલિયાવાસી) ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનનો નૂતનીકરણ અને વિસ્તારનો શુભારંભ લીફ્ટ યુક્ત અતિ આધુનિક સગવડ ધરાવતા ૧૫ રૂમોની નવી વિંગ તથા નૂતન ઉપહારગૃહનું ભૂમિપૂજન-શિલાન્યાસ સમારોહ ભવ્યાતિ ભવ્ય રીતે પરિપૂર્ણ





પરિવર્તન કુદરતનો નિયમ છે અને સમયાંતરે અગર જો આપણે સમયપ્રમાણે આગળ ન વધીએ અને જૂની રૂઢિચુસ્ત રીતે ચાલીએ તો આપણે પાછળ રહી જઈએ અને યુવા ધનને આપણા અનુભવનો લાભ નથી આપી શકતા. તે વાતને ધ્યાનમાં રાખી શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનના ટ્રસ્ટીગણે ૨૫ વર્ષ પૂર્વ બનેલ અતિથિ ભવનને નવું અતિ આધુનિક સગવડ મળે. ગામ અને જ્ઞાતિના વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું શ્રી ક.દ.ઓ.જૈન (નલીયાવાસી) ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનનો નૂતનીકરણ અને વિસ્તારનો શુભારંભ. લીફ્ટ યુક્ત અતિ આધુનિક સગવડો ધરાવતા ૧૫ રૂમોની નવી વીંગ તથા નૂતન ઉપહાર ગૃહનું ભૂમિપૂજન-શિલાન્યાસ સમારંભ ભવ્યાતિભવ્ય રીતે કર્યું.

નલીનપૂર નગરે સંવત ૨૦૮૧ના જેઠ વદ ૯ ને તા.૨૦ જૂન ૨૦૨૫ને શુક્રવારના દિવસે શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનના આંગણે ઢોલ અને શરણાઈઓના તાલે **નવી વીંગના મુખ્ય દાતા માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર નરશી ખોના** પરિવાર

# નલિયા ગામ અને જ્ઞાતિના વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું...





## શ્રી ક.દ.ઓ.જૈન (નલિયાવાસી) ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનનો નૂતનીકરણ અને વિસ્તારનો શુભારંભ લીફ્ટ યુક્ત અતિ આધુનિક સગવડ ધરાવતા ૧૫ રૂમોની નવી વિંગ તથા નૂતન ઉપહારગૃહનું ભૂમિપૂજન-શિલાન્યાસ સમારોહ ભવ્યાતિ ભવ્ય રીતે પરિપૂર્ણ













તથા **નૂતન ઉપહાર ગૃહના સંપૂર્ણ દાતા માતુશ્રી તારાબાઈ લહેરચંદ શીવજી નાગડા પરિવારે** સાજન માજન અને સર્વ ગામવાસીઓના સંગાથે ભૂમિપૂજન-શિલાન્યાસ મંડપમાં વાજતે ગાજતે પધાર્યા.

સર્વ પ્રથમ બહેનોએ નવકાર મંત્રનું પઠન કરી. શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની જય બોલાવી ભૂમિપૂજન વિધિનો શુભારંભ કર્યું. ગોર મહારાજે શાસ્ત્રોવિધિ પ્રમાણે સર્વ ઈષ્ટદેવોને યાદ કરી, હવન પૂજન કર્યું. **માતુશ્રી વાંસતીબેન નવીનચંદ્ર નરશી**

# નલિયા ગામ અને જ્ઞાતિના વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું...





## શ્રી ક.દ.ઓ.જૈન (નલિયાવાસી) ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનનો નૂતનીકરણ અને વિસ્તારનો શુભારંભ લીફ્ટ યુક્ત અતિ આધુનિક સગવડ ધરાવતા ૧૫ રૂમોની નવી વિંગ તથા નૂતન ઉપહારગૃહનું ભૂમિપૂજન-શિલાન્યાસ સમારોહ ભવ્યાતિ ભવ્ય રીતે પરિપૂર્ણ













**ખોના પરિવાર**ના સભ્યો આ હવન દરમ્યાન સંપૂર્ણ શાસ્ત્રોક્ત પધ્ધતિનો લાભ લીધો. ત્યારબાદ પરિવારના **લીતેશભાઈ નવીનચંદ્ર ખોના** અને તેમના **ધર્મપત્ની અ.સૌ.ચાંદનીબેન લીતેશભાઈ ખોના, સુપુત્ર ઉર્મિલ** અને તેના સાથી કુટુંબીજનો અને ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પ્રથમ પાયો મુકવામાં આવ્યો. એ સમય દરમ્યાન સર્વ ગામવાસીઓ જ્ઞાતિજનોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી.

આ પ્રસંગે **પ.પૂ.સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.** તથા **ગામની નિયાણીઓ પ.પૂ.સા.શ્રી નવકારગુણાશ્રીજી**

# નલિયા ગામ અને જ્ઞાતિના વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું...





**શ્રી ક.દ.ઓ.જૈન (નલિયાવાસી) ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનનો નૂતનીકરણ અને વિસ્તારનો શુભારંભ લીફ્ટ યુક્ત અતિ આધુનિક સગવડ ધરાવતા ૧૫ રૂમોની નવી વિંગ તથા નૂતન ઉપહારગૃહનું ભૂમિપૂજન-શિલાન્યાસ સમારોહ ભવ્યાતિ ભવ્ય રીતે પરિપૂર્ણ**









**મ.સા.** તથા તેમના બહેન મ.સા. **પ.પૂ.સા.શ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.**ની online ઉપસ્થિતિ રહી હતી અને આ શુભ પ્રસંગે માંગલિક સંભળાવ્યું તથા પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ યુવાવર્ગને આકર્ષિત કરી શકે એવું ઉપહારગૃહનું પણ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ **નૂતન ઉપહાર ગૃહના દાતાશ્રી માતુશ્રી તારાબાઈ લહેરચંદ શીવજી નાગડા પરિવારના પુત્ર-પુત્રવધૂ અ.સૌ.પ્રજ્ઞા લીનેશ નાગડા** તથા કુટુંબીજનો અને ગામવાસીઓ દ્વારા પ્રથમ પાયો મુકવામાં આવ્યું હતું. ત્યારબાદ સર્વ ટ્રસ્ટીગણ, જ્ઞાતિજનોએ આપણી પરંપરા પ્રમાણે રાસ-ગરબા રમી અને આ પ્રસંગે આનંદ વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ **અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના** ભણવામાં આવી હતી. આ ભાવના નલિયા ગામના જ્ઞાતિજન **લલિતભાઈ ખોના** અને **મહેશભાઈ નાગડા**એ આવગી શૈલીમાં શ્રી મહાકાલી માતાની ભાવના ભણાવી હતી. શ્રી મહાકાલી માતાની ભાવનાનું મુખ્ય આકર્ષણ મુંબઈથી પધારેલ બહેનોએ માતાજીના સુંદર સ્તવનો ભાવપૂર્વક ગાયા હતા અને **મુખ્ય લાભાર્થી પરિવારના લીતેશભાઈ ખોના** અને **ચેતનભાઈ ખોનાએ તારાબાઈ**

# નલિયા ગામ અને જ્ઞાતિના વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું...




**શ્રી ક.દ.ઓ.જૈન (નલિયાવાસી) ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનનો નૂતનીકરણ અને વિસ્તારનો શુભારંભ લીફ્ટ યુક્ત અતિ આધુનિક સગવડ ધરાવતા ૧૫ રૂમોની નવી વિંગ તથા નૂતન ઉપહારગૃહનું ભૂમિપૂજન-શિલાન્યાસ સમારોહ ભવ્યાતિ ભવ્ય રીતે પરિપૂર્ણ**






નિર્મિત સ્તુતી ગાઈ સર્વને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમજ વિશેષ ઉપસ્થિતિ આર્કિટેક તથા કોન્ટ્રાક્ટર હાજર રહેલ. તેમજ દાતા પરિવારોમાં **અનિલભાઈ લક્ષ્મીચંદ ખોના, મધુકર લક્ષ્મીચંદ નાગડા, ભરત લક્ષ્મીચંદ નાગડા, શરદ લક્ષ્મીચંદ નાગડા** ઉપસ્થિત રહેલ અને તેમને આ કાર્યક્રમ બહુ સરસ રીતે પાર પાડ્યો તેની માટે ટ્રસ્ટીઓને અભિનંદન આપ્યું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટીઓ **વિજયભાઈ વર્ધમાન ખોના, ચીમનલાલ હીરજી ખોના, મયંક ગોવિંદજી મોમાયા, રૂપમભાઈ મણિલાલ ભઠારા, ચેતન માણેકચંદ્ર ખોના, ઉમેશભાઈ ખેતશી મોતા, લીનેશભાઈ લહેરચંદ નાગડા, મનીષભાઈ ચીમનલાલ નાગડા, લીતેશભાઈ નવીનચંદ્ર ખોના** તથા **જયંતભાઈ વિશનજી છેડા** એ ખૂબ જહેમત ઉઠાવી હતી. ટ્રસ્ટી **ઉમેશભાઈ ખેતશી મોતા**ની નિગરાનીમાં ભૂમિપૂજન-શિલાન્યાસનો કાર્યક્રમ પાર પડેલ. ભોજનની વ્યવસ્થા **લીનેશ લહેરચંદ નાગડા, મનીષ ચીમનલાલ નાગડા** સંભાળેલ હતી. આ શુભ પ્રસંગના સંપૂર્ણ દિવસની **સાધર્મિક ભક્તિના લાભાર્થી શેઠશ્રી શાંતિલાલ ખીમજી નાગડા પરિવાર** હસ્તે **શ્રીમતી પ્રમિલાબેન શાંતિલાલ નાગડા (મુલુંડ-બુરહનપુર) પરિવાર** તરફથી રાખવામાં આવેલ. આ ભૂમિપૂજનના પ્રસંગે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયાના પ્રમુખ **મુલચંદ પદમશી મોતા તથા સ્થાનિકે સુશ્રી જયાબેન પીર, રાજેશભાઈ મોતા,**

# નલિયા ગામ અને જ્ઞાતિના વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું...




**શ્રી ક.દ.ઓ.જૈન (નલિયાવાસી) ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનનો નૂતનીકરણ અને વિસ્તારનો શુભારંભ લીફ્ટ યુક્ત અતિ આધુનિક સગવડ ધરાવતા ૧૫ રૂમોની નવી વિંગ તથા નૂતન ઉપહારગૃહનું ભૂમિપૂજન-શિલાન્યાસ સમારોહ ભવ્યાતિ ભવ્ય રીતે પરિપૂર્ણ**




**સોમચંદભાઈ મોતા, લલિતભાઈ ખોના, મહેશભાઈ નાગડા, નિલેશભાઈ મોતા** તથા ગામના વિવિધ સમાજના અગ્રણીઓ, વ્યાપારીઓ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમને ઉપસ્થિત રહેલ સૌએ સુંદર રીતે માણ્યો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે **ચેતન ખોના, લીતેશ ખોના, જયંત છેડા**એ જહેમત ઉઠાવી હતી. **ઋષભ નાગડા**એ સુંદર રીતે ફોટોગ્રાફી કર્યું હતું. મંડપ અને ડેકોરેશનની **મંયકભાઈ મોતા**એ સારી સજાવટ કરી હતી.

પૂણ્યની પાયાબંધી... સમૃધ્ધિ અને સંસ્કૃતિની નવી ઈમારત માટે સૌનો સહયોગ આવશ્યક. આ પવિત્ર યાત્રાને હવે આપણી સહકાર શક્તિ અને દાન સહાય શક્તિની જરૂર છે. તેમાં તમારું યોગદાન અમૂલ્ય બની રહેશે. આ કાર્યક્રમની વીડીયો ઝલક જોવા માટે https://youtu.be/hs0FcngGdw4 ક્લિક કરો.

## આધુનિક અતિથિગૃહ

કચ્છ અને જૈન યાત્રા તથા પ્રવાસે આવતા ગામવાસી તથા જ્ઞાતિજનો માટે આરામદાયક અને અતિ આધુનિક સગવડો ધરાવતું એક માત્ર અતિથિગૃહ.

## વિવિધલક્ષી હોલ

ગામવાસીઓના પરિવારના શુભ પ્રસંગો માટે વૈવિધ્ય સભર રસોડા સહિત ભવ્ય હૉલ, લગ્ન સમારંભ, પારિવારિક ઉજવણી, ધાર્મિક પ્રસંગો અને સામુદાયિક કાર્યક્રમો માટે ઉત્તમ હૉલ ઉપલબ્ધ છે.

## વિશિષ્ટ ઉપહાર ગૃહ

સવારની નવકારશી થી સાંજના ચોવિહાર સુધી આરોગ્યપ્રદ અને શુધ્ધ સાત્વિક જૈન ભોજનની વ્યવસ્થા છે.

**આ સ્વપ્નાની સાકારતા માટે તમારું દાન ખૂબજ જરૂરી છે.**

**આજે આપનું દાન કરો અને પોતાનાને આ ઐતિહાસિક યાત્રાનો ભાગ બનાવો.**

# નલિયા ગામ અને જ્ઞાતિના વિકાસની નવી દિશા તરફ એક મજબૂત પગલું...





**શ્રી ક.દ.ઓ.જૈન (નલિયાવાસી) ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનનો નૂતનીકરણ અને વિસ્તારનો શુભારંભ લીફ્ટ યુક્ત અતિ આધુનિક સગવડ ધરાવતા ૧૫ રૂમોની નવી વિંગ તથા નૂતન ઉપહારગૃહનું ભૂમિપૂજન-શિલાન્યાસ સમારોહ ભવ્યાતિ ભવ્ય રીતે પરિપૂર્ણ**













# સંજીવની કેસ નં.૧૯૦ માટે જરૂરી ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 190

**DONATION CLOSED**

## Mr JAYESH CHAMPSHI KHONA

Age 56 Yrs., Kalyan( Thane), Sayera.

**Admitted for Malarial Fever with Septic shock, Thrombocytopenia along with Anterior-Inferior Myocardial Infarction ( Heart attack)**



**DONATION CLOSED**

**Rs 1.65 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW  **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

સાંયરા કચ્છ હાલે કલ્યાણના ૫૬ વર્ષીય જયેશ ચાંપશીભાઈ ખોના પાર્ટિકલ મેલેરિયા તાવ સેપ્ટિક શોક, થ્રોમ્બોસાયટોપેનિયા અને એન્ટિરિયર ઈન્ફીરિયર વોલ મ્યોકાર્ડિયલ ઈન્ફાર્કર્શનથી પીડિત હતા જે હાર્ટ એટેકનું કારણ બન્યું. જયેશ ખોના રેડિમેડ ગાર્મેન્ટ દુકાનમાં સેલ્સમેન તરીકે લઘુતમ વેતન મેળવે છે. પત્ની ગૃહિણી છે અને બે પરિણીત પુત્રીઓ છે. દીકરો ફાર્માસ્યુટિકલ કેમેસ્ટ્રીમાં પીએચડીનો અભ્યાસ કરે છે. તેમની કોઈ વીમા પોલીસી ન હતી. વિકટ સંજોગોમાં મુકાયેલ પરિવારે ખર્ચ રૂા.૧.૬૫ લાખ મેળવવા સમસ્ત મહાજન મેડિકલ સમિતિની સંજીવની યોજના માટે અરજી રજૂ કરી જે માટે આ કેસ ક્રાઉડ ફંડિગ માટે ખૂલ્લો મુકાયો.

જણાવતાં ખુશી થાય છે કે ગણત્રીના સમય દરમ્યાન જ જરૂરી ભંડોળ રૂા.૧.૬૫ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું. આજ સુધીના દરેક કેસની જેમ કેસ નં.૧૯૦ માટે ઉદારદિલ દાતાઓએ માનવતા લક્ષી વલણ બતાવ્યું છે તે માટે સૌ વ્યક્તિગત દાતાઓ, મહાજનો, એકમ, ટ્રસ્ટો, સંસ્થા મંડળોની ભૂરી અનુમોદના સાથે ભાવભરી વંદના.

# સંજીવની કેસ નં.૧૯૧ માટે જરૂરી રૂા.૧.૪૫ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




કચ્છ ગોધરા હાલે સાંગલીના ૬૭ વર્ષીય શ્રીમતી મધુબેન અશ્વિન કુરવા એનેમિયા સેરેબલ ઈન્ફાર્કટ-લકવો, અલ્સેરેટિવ કોલાઈટિસ, ડાયાબિટિસ મેલીટસ અને હાઈપરટેન્શનથી પીડિત હોવાને કારણએ બે અઠવાડિયાથી હોસ્પિટલમાં એડમિટ છે.

પતિ ઓટો રિક્ષા ચલાવી લઘુતમ કમાણી કરે છે. દર્દી પોતે ગૃહિણી છે. પરિવાર માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવી નિર્વાહ કરે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી કોઈ મેડિક્લેઈમનો પીઠબળ. આ પરિસ્થિતિમાં પરિવારના મુખ્ય સ્તંભ રૂપી સભ્યની સારવાર માટે રૂા.૧.૪૫નો અંદાજિત ખર્ચ કરવાનો પડકાર આવી પડ્યો. મૂંઝવણમાં મૂકાયેલ કુરૂવા પરિવારએ સારવાર ખર્ચની જોગવાઈ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી. જેનો અભ્યાસ કરી ભંડોળ જમા કરવા માટે ક્રાઉડ ફંડિગ ખૂલ્લું કરાયું.

ક્રાઉડ ફંડિગ શરૂ થતાંના ટૂંક સમય ગાળામાં જ જરૂરી રકમ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું. આજ સુધીના દરેકે દરેક કેસમાં જે રીતે સમયસર ભંડોળ અરજીકર્તાને પહોંચાડી શકાયું એ જ પ્રકારે મધુબેન કુરૂવા માટેની જરૂરી રકમ તેમને આપવા માટે સમર્થ થઈ શક્યા તેનો સંપૂર્ણ યશ સહભાગી વ્યક્તિગત દાતાઓ, મહાજન, એકમ, ટ્રસ્ટ મંડળ, સંસ્થાઓને છે. એ સૌના આત્મીય સાથ વગર આ લક્ષ્ય હાંસલ ન થઈ શક્યું હોય આ સૌ માનવતાલક્ષી અભિગમ રાખી જ્ઞાતિજનોને વહારે આવી ઉમદા કાર્યના યશ ભાગી થયા છે. તે સૌને શત શત વંદના સાથે ભૂરી ભૂરી અનુમોદના.

Pan Card No. : ABLTS6915L
॥ શ્રી વિમલનાથાય નમ ઃ॥
ટ્રસ્ટ રજી. નં. એ/૨૬૩૯/કચ્છ.

**શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ**

Shri Vardhman Nagar KDO Jain Trust

**પત્રવ્યવહાર ઃ પ્રબોધ એચ. મુનવર**
લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
મો. ૯૯૨૫૧૬૯૮૭૬

રેફ. નં. :

Date :

તા. 21-6-2025

## કચ્છનાં "મીની અબડાસા,, વર્ધમાનનગર-કચ્છમાં હવે આપણાં સમાજની "આપણી સમાજવાડી,, પ્રોજેકટ પુરો કરવા સૌનો સહયોગ જરુરી છે.

**વંદનીય શ્રી**
**સમાજનાં શ્રી સર્વે સંઘો, શ્રી સર્વે મહાજનશ્રીઓ, શ્રી એકમો, શ્રેષ્ઠી વર્યો,**
**દાનવીર દાતાશ્રીઓ, ગ્રુપો, મંડળો, તથા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સર્વે પરિવારજનો**

જય જીનેન્દ્ર- જય મહાવીર

ભુજથી માત્ર 7 કિલોમીટરનાં અંતરે ભુજ-માધાપર પછી વર્ધમાનનગર વસેલું છે. અહીં આપણી જ્ઞાતિનાં 75 પરિવારો વસે છે. જેની જણ સંખ્યા 230 છે. હજુ પણ નવા રહેવા આવનાર પરિવારોની સંખ્યા વધી રહી છે. લાંબા સમયથી અહીં આપણાં સમાજની મહાજનવાડી, સમાજવાડી કે અતિથિગૃહ, કે.ડી.ઓ. ભવનની ખૂબજ જરુરત હતી.

વર્ધમાનનગર-કચ્છ મધ્યે આપણી જ્ઞાતિનાં 75 ઘર છે. છતાં સમાજ પાસે એકઠા થવા, મીટીંગ, ભાવના કે, પ્રસંગો ઉજવવા માટે પ્લોટ કે કોઇ જગ્યા નહોતી.

વર્ધમાનનગર-કચ્છ મધ્યે આ નગરમાં આપણું "મીની અબડાસા" વસેલું છે. અહીં રહેતા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ પરિવારોનું લાંબા સમયનું સમાજવાડીનું સ્વપ્નું સાકાર થવા જઇ રહ્યું છે. ગુરૂભગવંતશ્રીઓના આશીર્વાદ અને પ્રેરણાથી દાનવીર દાતાશ્રીઓ અને શ્રેષ્ઠીવર્યોનાં સહયોગથી તૈયાર સમાજવાડી લેવાઇ ગઇ છે. દસ્તાવેજ બની ચૂક્યા છે. જરૂરી સવલતો ઉભી કરવામાં આવી રહી છે.

1. કે.ડી.ઓ. ભવનનાં મુખ્ય દાતાશ્રીના નામ સાથે અનુદાન મળી ચૂકયું છે.
   શ્રી ગુણોદય-મુક્તિ-જય-ગુણ આશિષે
   શાસન પ્રભાવિકા પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પાવન સ્મૃતિમાં
   ખાનદેશરત્ના પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પાવન પ્રેરણાથી
   માતુશ્રી દેવકુંવરબેન ડો. મેઘજી વેલજી ધરમશીં
   કુ. ડો. ઉર્વશીબેન, કુ. પ્રિયંવદાબેન, કુ. વિધાતાબેન, કુ તક્ષશિલાબેન
   ગોરખડી-તાડદેવ તરફથી કે.ડી.ઓ. ભવન માટે અનુદાન મળેલ છે.

**શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ**
પી.બી. ૩૭, જૈન દેરાસર પાસે, માધાપર-ભુજોડી રોડ,
વર્ધમાનનગર-કચ્છ. (સાઉથ) (તા. ભુજ) ૩૭૦ ૦૨૦
E-mail : shrivardhmannagarkdojaintrust@gmail.com

2. કે.ડી.ઓ. ભવન મુખ્ય હોલનાં દાતાશ્રીઓ.

**મંજુ-લક્ષ્મી હોલ**

**પાવન પ્રેરણા :** અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ. ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

| | |
|---|---|
| શ્રીમતી મંજુલાબેન લહેરચંદ લખમશીં નાગડા - કોઠારા-મુલુન્ડ<br>હસ્તે અ.સૌ. ભાવનાબેન મણિલાલ લોડાયા<br>અ. સૌ. નમીતાબેન વિશાલ લોડાયા<br>ચિ. નિધી, ચિ. ફિયોની – વાશી-નવી મુંબઇ | માતૃશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશીં લોડાયા<br>આરિખાણા-મુલુન્ડ<br>અ.સૌ. કલ્પનાબેન સોમચંદભાઇ લોડાયા<br>અ.સૌ. ડાયનાબેન ચંદ્રેશ લોડાયા<br>અ.સૌ.શીતલબેન તેજશ શાહ<br>ચિ. ખુશી-સનાયા-વિહા-વામીકા |

## કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છની ખૂટતી કડીઓ પૂરવા સૌને કરબદ્ધ પ્રાર્થના છે.

| | |
|---|---|
| **રુમ નંબર-1** | કુસુમ હરીશભાઇ નરશીં ધરમશીં – સુથરી-મુલુન્ડ-મુંબઇ |
| **રુમ નંબર-2** | માતુશ્રી હીરાબેન ડુંગરશીં વિસનજી મોમાયા<br>હસ્તે પ્રીતિબેન મોમાયા ગામ સાંયરા-કચ્છ હાલે ભુજ |
| **રુમ. નંબર-3** | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂ. 6,25,000 (છ લાખ પચ્ચીસ હજાર)<br>(સાઇઝ 15x16 ફુટ) |
| **રુમ નંબર-4** | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂ. 6,25,000 (છ લાખ પચ્ચીસ હજાર)<br>(સાઇઝ 15x16 ફુટ) |
| **ઉપર ઓફિસ રુમ** | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂ. 5,00,000 (પાંચ લાખ)<br>(સાઇઝ 13x7 ફુટ) |
| **ઉપર મીની હોલ** (ચાલી) | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂ.5,51,000(પાંચ લાખ એકાવન હજાર)<br>(સાઇઝ 13x23 ફુટ) |

શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ
પી.બી. ૩૭, જૈન દેરાસર પાસે, માધાપર-ભુજોડી રોડ,
વર્ધમાનનગર-કચ્છ. (સાઉથ) (તા. ભુજ) ૩૭૦ ૦૨૦
E-mail : shrivardhmannagarkdojaintrust@gmail.com

Pan Card No. : ABLTS6915L

॥ શ્રી વિમલનાથાય નમઃ ॥

ટ્રસ્ટ રજી. નં. એ/૨૬૩૯/કચ્છ.

# શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ

પત્રવ્યવહાર : પ્રબોધ એચ. મુનવર
લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
મો. ૯૯૨૫૧૬૯૮૭૬

રેફ. નં. :

Date :

• **પ્લેટિનમ દાતાશ્રી** રુપિયા 1,08,000 • ગોલ્ડન દાતાશ્રી રુપિયા 54,000

• સિલ્વર દાતાશ્રી રુપિયા 27,000 • આધાર સ્થંભ દાતાશ્રી રુપિયા 11,000 અગિયાર હજાર સુધીનું અનુદાન આપનાર દાતાશ્રીઓનાં નામ આધારસ્થંભ દાતાશ્રી તરીકે ગ્રેનાઇટની તકતી ઉપર એક સાથે અંકિત કરવામાં આવશે.

આખરે 40 લાખમાં નીચે હોલ ઉપર 4 રુમ, ઓફિસ, ચાલી સાથેનું તૈયાર મકાન ખરીદી કરી લેવામાં આવેલ છે. બરોબર એની સામે 7 મીટરનાં અંતરે 125 ચો.મી. પ્લોટ તથા 117 ચો.મી. પ્લોટ જુના બાંધકામ સાથેનું મકાન ઉપાશ્રય,ભોજનશાળા માટે 19 લાખમાં લેવાઇ ગયેલ છે. આ પ્લોટ ઉપર ભોજનશાળા, ઉપાશ્રય બનાવવાની ભાવના છે. આમ વર્ધમાનનગરમાં વસતા પરિવારોનું લાંબા સમયનું સ્વપ્નું સાકાર થયું છે. આ બંને પ્રોજેકટ ઝડપી પરી પૂર્ણ કરવા છે. જે માટે આપનો સહયોગ જરુરી છે. ટોટલ ખર્ચ સવા કરોડને આંબી જશે. જેથી આપશ્રીને પત્ર પાઠવેલ છે.

દરેક દાતાશ્રીઓનાં નામ ગ્રેનાઇટ તકતીઓ ઉપર અંકિત કરવામાં આવશે. કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છનું ટૂંક સમયમાં ઉદ્ઘાટન કરવામાં આવશે. આ ભવન દરેક વ્યવસ્થાઓથી સંપૂર્ણ સજ્જ હશે.

સર્વે મહાજનશ્રીઓ, શ્રી એકમો, મંડળો, મંચો, ગ્રુપો, શ્રેષ્ઠીવર્યો, દાનવીર દાતાશ્રીઓ અને ક.દ.ઓ. જૈન જ્ઞાતિનાં સર્વે પરિવારોનાં સાથ-સહકાર-સહયોગથી એક શ્રેષ્ઠ કાર્ય થઇ રહ્યું છે. દરેક હિસાબો જ્ઞાતિ મુખપત્રો દ્વારા સમાજ સમક્ષ મુકવામાં આવશે. સમાજ ઉપયોગી જરુરિયાત પરિપૂર્ણ થઇ રહી છે ત્યારે સૌના સાથ સહકાર-સહયોગની અપેક્ષા સાથે આભાર... સર્વે દાતાશ્રીઓનો ખૂબ-ખૂબ આભાર....

ફુલ નહીં તો ફુલની પાંખડીરૂપે આપનો સહયોગ મળશે તો વર્ધમાનનગરમાં વસતા આપણાં પરિવારોનું વર્ષોનું સ્વપ્નું સાકાર થશે. આ પ્રોજેકટ પૂર્ણ કરવા આપનાં સાથ-સહકાર-સહયોગની અપેક્ષા છે.

**ટ્રસ્ટનું નામ તથા બેંકની સંપૂર્ણ વિગત આ સાથે મોકલાવી આપેલ છે.**

**A/c Name : Shri vardhmannagar kutchchi Dasa Oswal Jain Trust**
**Bank Name : The Cosmos Co-Op Bank Ltd. – Bhuj-kutchh.**
**A/c No. 053100108808 - IFSC CODE : COSB0000053**

સંપર્ક નંબર - સર્વે ટ્રસ્ટીગણના બહુમાન પૂર્વક વંદન સ્વીકારશોજી.

પ્રબોધ હીરાચંદ મુનવર-9925169876,મહેન્દ્ર પદમશીં લોડાયા-9315650679,દિલીપ રતનશીં મોતા-9427249549, હીરાચંદ લક્ષ્મીચંદ છેડા-9879357246, તુષાર મણીલાલ જૈન-9879600868,હરીશ શીવજી લોડાયા-9979198899, રાહુલ બીપીન દંડ-9978790169,વિનય લધુભાઇ હેફ્રા-9978323607,અમીતા તુષાર જૈન-9925226248

શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ
પી.બી. ૩૭, જૈન દેરાસર પાસે, માધાપર-ભુજોડી રોડ,
વર્ધમાનનગર-કચ્છ. (સાઉથ) (તા. ભુજ) ૩૭૦ ૦૨૦
E-mail : shrivardhmannagarkdojaintrust@gmail.com

Pan Card No. : ABLTS6915L    || શ્રી વિમલનાથાય નમ :||    ટ્રસ્ટ રજી. નં. એ/૨૬૩૯/કચ્છ.

# શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ

**પત્રવ્યવહાર : પ્રબોધ એચ. મુનવર**
લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
મો. ૯૯૨૫૧૬૯૮૭૬

રેફ. નં. :    Date :

કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છની નીચે મુજબ ખુટતી કડીઓ પુરવા વિનંતી છે.

| | |
|---|---|
| એ.સી. નંગ-8 | રૂ. 5,00,000 |
| સોલાર પ્લાન્ટ | રૂ. 5,00,000 |
| આર.ઓ. પ્લાન્ટ સીસ્ટમ-2 | રૂ. 1,51,000 |
| સેટી પલંગ નંગ-15 | રૂ. 75,000 |
| બેડીંગ સેટ નંગ-50 | રૂ. 75,000 |
| ખુરશી નંગ-100 | રૂ. 60,000 |
| વોટર કુલર નંગ-1 | રૂ. 51,000 |
| સ્ટીલ ટેબલ નંગ-10 | રૂ. 51,000 |

દરેક વસ્તુઓ ઉપર દાતાશ્રી, શ્રીસંઘ કે શ્રી મહાજન કે એકમ, ટ્રસ્ટનું નામ લખવામાં આવશે.

**શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ**
પી.બી. ૩૭, જૈન દેરાસર પાસે, માધાપર-ભુજોડી રોડ,
વર્ધમાનનગર-કચ્છ. (સાઉથ) (તા. ભુજ) ૩૭૦ ૦૨૦
E-mail : shrivardhmannagarkdojaintrust@gmail.com

# ટીપે ટીપે સરોવર ભરાય...કાંકરે કાંકરે પાળ બંધાય સૌના સાથ સહકાર સહયોગથી એક ભગીરત કાર્ય આપણે સૌ સાથે મળીને પૂરું કરશું.







વર્ધમાનનગર-કચ્છ મધ્યેનું કે.ડી.ઓ. ભવન નવા રૂપ-રંગ સજી રહ્યું છે. કડીયાકામ, સુથારીંગકામ, પ્લમ્બરીંગ કામ, ઇલેક્ટ્રીક કામ તથા કલરકામ ચાલુ છે. કે.ડી.ઓ. ભવન નવા શરણગાર સજી રહ્યું છે.

કે.ડી.ઓ. ભવનની સામે સાત મીટરનાં અંતરે આવેલ જુનું મકાન પણ લઇ લેવામાં આવેલ છે. જ્યાં ભોજનશાળા અને ઉપાશ્રય બનાવવામાં આવશે. જેથી આપણાં સમાજનાં પરિવારો માટે દરેક વ્યવસ્થાઓ કાયમી બની રહે. બાકી રહેતા બે રૂમો, ઓફિસ, મીની હોલ માટે દાતાશ્રીઓનું અનુદાન મળી રહેવા વિનંતી છે. આપના સ્વજનો, પરિવારજનોની કાયમી યાદરૂપે અનુદાન આપી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવશો તેવી પ્રાર્થના સાથે વિનંતી છે. પૂજ્ય ગુરૂભગવંતશ્રીઓના આશીર્વાદ અને પાવન, પ્રેરણાથી આ કાર્ય આગળ ધપી રહ્યું છે.

**શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ**

વર્ધમાનનગર-કચ્છ.



શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ
SHREE K.D.O. STUDENTS ASSOCIATION
જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા
@SHREEKDOVS
2025-27
Sunday - 6th of July 2025
Make the Most Out Of Your Weekend Gateway
Monsoon
An Exciting Journey Through Natural Trails
ONLY FOR KDO'S
VISAPUR
FORT TREK
Age Group 16 + Above
NON REFUNDABLE 100% FOR ANY REASON
Per Person
₹ 599/-
For More Details
Ronak Lapasiya
+91 97021 58578
Hemin Motta
+91 90903 23323
Inclusions
Transfer
Meal
Adventure
Sight Seeing
First Aid

# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ૪૭મો શૈક્ષણિક સમારોહ યોજાયો




શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી દ્વારા ૪૭મો શૈક્ષણિક સમારોહ સંવત ૨૦૮૧, જેઠ સુદ તેરસ (૧૩), રવિવાર, તા.૮ જૂન ૨૦૨૫ ના રોજ ડોંબિવલી સ્થિત માધવાશ્રમ હોલમાં સવારે ૯:૫૪ કલાકે ૨૨૫થી વધારે જ્ઞાતિજનોની હાજરીમાં ભવ્યાતિભવ્ય રીતે યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં પધારેલા સર્વે મહેમાનોનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

દાતા પરિવારો, આમંત્રિત મહેમાનો, મુંબઈ મહાજનના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ લોડાયા, તેમજ મંડળના પદાધિકારીઓ દ્વારા શ્રી સરસ્વતી માતાજી તથા શેઠ શ્રી નરશીનાથાના ફોટા સમક્ષ દીપ પ્રાગટ્ય અને અગરબત્તી કરી ફોટાને હારારોપણ કરવામાં આવ્યું હતું.

શ્રી નવકાર મંત્રનું પઠન મંડળની બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

સમુહમાં રાષ્ટ્રગીત સાથે દેશપ્રેમની ભાવના વ્યક્ત થઈ અને ‘શ્રી ભારત માતા કી જય’ ના નારાથી ભરચક હોલ ગુંજી ઉઠ્યો હતો.

નોટબુક/લોંગબુકના મુખપૃષ્ઠ દાતા : માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર(મોટી ખાવડી  ઘાટકોપર)

શૈક્ષણિક ઇનામના દાતા : શ્રી પાર્શ્વીર વીરજી નાગડા તથા માતુશ્રી મોંઘીબાઈ પદમશી લોડાયા પરિવાર (રંગપુર-મુલુંડ-ભિવંડી).

સાધર્મિક ભક્તિના દાતા : માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર (સાંયરા  ઉજ્જૈન). વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બેગના દાતા : માતુશ્રી વેલબાઈ લઘુભાઈ લોડાયા પરિવાર (રાપર ગઢવારી ઘાટકોપર). નોટબુક/લોગબુકમાં અંદરના પાને જાહેરાતના દાતા : શ્રી જેઠાભાઈ ડુંગરશી ગ્રુપ ઓફ કંપની (મસ્જિદ બંદર)અને માતુશ્રી ચંદનબેન ઠાકરશી પોલડિયા પરિવાર (ડુમરા-ડોંબિવલી). શૈક્ષણિક ઉપકરણ દાતા : માતુશ્રી જ્યોતિબેન જીતેન્દ્ર ધરમશી હસ્તે ચિ.વિરાજ વિકેશ ધરમશી પરિવાર(કોઠારા  મુલુંડ – ડોંબિવલી). શાળા ગણવેશના દાતા : શ્રી નિરંજન કેશવજી મોમાયા (વરાડીયા  મુલુંડ) અને શ્રી કુમારપાળ કાનજી મોમાયા (વરાડીયા  ડોંબિવલી), તેમજ કાયમી શૈક્ષણિક કૂપન લક્કી ડ્રોના વિજેતા : કુ. વિદીશા કાંતિલાલ દંડ (ભરૂડીયા  ડોંબિવલી) સંજોગો અનુસાર હાજર રહી શક્યા નહતા.

કાર્યક્રમમાં વિવિધ દાતા પરિવારોને મંચસ્થ કરી એમનું સન્માન કરવામાં આવ્યું. દાતા પરિવારોએ એમના વક્તવ્યમાં શિસ્ત,શિક્ષણ અને સમયના મહત્વ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. શ્રી બિપીનભાઈ નાગડા એ ભારપૂર્વક જણાવ્યું કે જૂની મૂડીને ઓછા વ્યાજમાં મંડળ ની યોજનાઓ ચલાવવી અતી મુશ્કેલ છે કાંતો માતબર રકમ દાતા પરિવારે આપવી

# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ૪૭મો શૈક્ષણિક સમારોહ યોજાયો



જોઈએ અથવા યોજનાઓ બંધ/મર્જ કરવી જોઈએ.

મંડળના પ્રમુખશ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વાડાપધર) એ જ્ઞાતિજનોને આવકાર આપીને મંડળના જન્મથી મૃત્યુ સુધીના વિવિધ પ્રોગ્રામો વિશે માહિતી (વિદ્યાથીરઓ માટે ફર્સ્ટ ક્લાસ રેલ્વે પાસ અને કોમ્પ્યુટર કલાસમાં પચાસ ટકા રાહત) આપી એમના વિચારો રજૂ કરી મંડળમાં આવવા આહવાન કર્યું હતું.દાતા પરિવાર દ્વારા નોટબુક, લોંગબુક, ગણવેશ, દફતર તથા શૈક્ષણિક ઉપકરણોનું વિમોચન કરીને વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું તદ્દુપરાંત, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પ્રથમ તથા દ્વિતીય ક્રમાંકે આવેલા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

બિપીનભાઈ પાશ્વીર નાગડા (રંગપુર-મુલુંડ-ભિવંડી). તરફથી રૂપિયા પાંચ પાંચ હજાર (૫,૦૦૦/-) ચિ. હેમ શરદ મૈશેરી (મોટી સિંધોડી- વિઠલવાડી) ચિ.ક્રિશ કેતન છેડા (સુથરી), બંનેને આ વર્ષે આપવામાં આવશે.

હિરાચંદભાઈ દામજી દંડ (મંજલ-ઘાટકોપર) દ્વારા શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ, ઉત્કર્ષ ટ્રસ્ટ તથા કન્યા છાત્રાલય અંગે માહિતી આપી, બાળકોને આવી સંસ્થાઓનો લાભ લેવા માટે કહ્યું હતું.

હિરાચંદભાઈ દંડ તરફથી દશમા ધોરણમાં પ્રથમ આવનારને રૂપિયા ૨૧,૦૦૦/-નું ઈનામ વાર્ષિક સ્નેહ મિલન સમારોહમાં આપવામાં આવશે.

આ વર્ષે દફતર સાથે સ્ટેશનરીનુ ધોરણવાર અલગ અલગ વિતરણ કરવામાં આવ્યું હતું. નોટબુક/લોગબુકના મુખપૃષ્ઠની ડિઝાઇનનું કાર્ય ચિ. તીર્થ અમિત ખોના (નલિયા) દ્વારા કરવામાં આવ્યું હતું.

ગરમીને ધ્યાનમાં રાખીને ઠંડા ઘરેજ બનાવેલા વરિયારીના પાણીની વ્યવસ્થા નાની બોટલમાં કરવામાં આવી હતી, જેના લાભાર્થી શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા (સુજાપર) હતા.

કાર્યક્રમનું સંચાલન શૈક્ષણિક ચેરપર્સન શ્રીમતી અર્ચના અમિત ખોના (નલિયા), માનદમંત્રી અનુજ લોડાયા (રવા), ધવલ ઉમેશ ખોના (સાંધવ), તથા મનિષ પ્રવિણચંદ્ર કાંકણ (સાંધાણ) દ્વારા સમયસર અને સરળ રીતે કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૪-૨૫ મંડળનું પ્રથમ શૈક્ષણિક સત્ર સફળતાપૂર્વક સંપન્ન થયું. આ માટે સંપૂર્ણ તૈયારી શૈક્ષણિક ચેરપર્સન શ્રીમતી અર્ચનાબેન અમિત ખોના (નલિયા), મનિષ પ્રવીણચંદ્ર કાંકણ (સાંધાણ) તથા મંડળના સર્વે સભ્યોએ સુંદર રીતે નિભાવી હતી.

આભાર વિધિ મંડળના ઉપપ્રમુખ ચેતન લહેરચંદ નાગડા (નલિયા) દ્વારા દાતા પરિવારો, મહેમાનો, કાર્યકરો, સમર્પિત સભ્યો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ દરેકનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી

શૈક્ષણિક ચેરપર્સન શ્રીમતી અર્ચનાબેન અમિત ખોના (નલિયા), મનિષ પ્રવીણચંદ્ર કાંકણ (સાંધાણ)

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂનથી ઓગસ્ટ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૧૬ થી ૨૧ જુન ૨૦૨૫ | મુંબઈ મહાજન, અનંતનાથજી ટ્રસ્ટ તથા ન.ના. મેડિકલ ટ્રસ્ટ આયોજિત આંખ, ઘૂંટણ અને ત્વચા રોગ નિવારણ કેમ્પ ડૉ. કુરૂવાની સંજીવની નર્સિંગ હોમ, ભાડુંપ. મો. ૯૯૬૭૫૨૪૦૫૦ |
| તા. ૨૦ જૂન ૨૦૨૫ | નલિયામાં શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનનુ નુતનિકરણ ૧૫ રૂમોની નવી વિંગ, ઉપહાર ગૃહ તથા બન્ને વિન્ગને જોડતી લિફ્ટનું ભુમીપૂજન |
| તા. ૨૧ જૂન ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.વિધ્યાર્થી સંઘ આયોજિત યોગા ઇન્ટરનેશનલ ડેના યોગા સેશન, મુલુંડ |
| તા. ૨૨ જૂન ૨૦૨૫ | શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સ્નેહ મિલનઃ જૈનમ હોલ, ભાડુંપ બપોરે ૪.૦૦ ક. થી. |
| તા. ૨૭ જૂન ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા નુતન અતિથિ ભવન નવ નિર્માણ ભૂમિપૂજન, ખાત મુહુર્ત તથા મુખ્ય શિલાન્યાસ. સવારે ૯.૩૦ ક. ધર્મશાળા ફલિયા, નલિયા. |
| તા. ૦૩ જૂલાઈ ૨૦૨૫ | ખોના ફલિયા, નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી. |
| તા. ૦૬ જૂલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બિવલી સાંસ્કૃતિક કાર્યક્રમ |
| તા. ૧૩ જૂલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બિવલી આયોજિત પર્યુષણ બાદ તા. ૧૯ થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના ઉત્તર ગુજરાત ચૈત્ય પરિપાટી માટે નામ નોંધાવવાની અંતિમ તારીખ. મો. ૯૮૩૩૭૩૨૩૪૫, ૯૮૩૩૧૪૬૦૪૭ |
| તા. ૩૧ જૂલાઈ ૨૦૨૫ | ફોર્મ ભરવાની છેલ્લી તારીખ શ્રી ક.દ.ઓ.જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ નર્સરીથી ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શાળા ફી તથા પુસ્તક સહાય. મો. ૮૬૫૭૬૩૭૩૨૦ |
| તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ, ડોમ્બિવલીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત અને AGM મંડળના કાર્યાલયમાં. |

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# બાલાશ્રમ સંપર્ક આશ્રમ લોનાવાલાની કન્યાના લગ્ન અને કન્યાદાન કરવાનો લાભ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપએ લીધો






શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા લોનાવલાના બાલાગ્રામ સંપર્ક આશ્રમની કન્યા ચિ. શિલ્પા વાડકરના લગ્ન મંજલ નિવાસ ચિ. સિદ્ધાર્થ મંગલ લાલકા સાથે ૧૬ જૂન ૨૦૨૫ સોમવારના કરવામાં આવેલ. રીત રિવાજ મુજબ લગ્ન થયેલ. ચોરી માટે ગોર મહારાજ ડોંબિવલીથી હીરાલાલ મહારાજ પધારેલ.

વડીલ તરીકે ભાઈનો ફેરો રાજેશ દામજી દંડ, યશ ધીરજ લોડાયા, હર્ષ જયેશ લાલકા, મામા-મામી, વડીલ તરીકે આશ્રમના ભાઈઓ, કન્યાના માતા પિતા તરીકે હેતલ હિતેશ ગોવિંદજી પટેલ ફરજ બજાવેલ. મગંલભાઈ જાન લઈને ૧૫ જૂનના લોનાવલા ૧૫ જણા આવેલ. તા.૧૬ જૂનના નવકારશી, સાંજના ચૌવિહાર કરી. ૯.૦૦ કલાકે લોનાવલાથી ટ્રેન પકડેલ. જાનમાં ૪૦ જણા પધારેલ. શાંતિજિન જૈન ગ્રુપના ૧૫ જણા, લોનાવલા બાલાશ્રમના ૪૦ જણા પધારેલ. ૧૦૦ જણા બપોરના લગ્નમાં આવેલ. બપોરના લગ્નનું જમણવાર નિર્મલા કેટરર્સ લોનાવલા, નિર્મલાબેન મુકેશ મોમાયા હસ્તે રવિ મોમાયા, પ્રશાંત મોતા, હેંમત મોતા લાભ લીધેલ હતો. ભાઈઓ સારીએ જહેમત ઉઠાવેલ. લગ્નનો, હૉલનો, ત્રણ ટાઈમ સાર્ધમિક ભક્તિ, કન્યાદાન શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ કરેલ. ગ્રુપના ભાઈઓ વિરેન્દ્ર લોડાયા, કિરણ દંડ, પ્રવિણ મોતા, હિતેશ પટેલ, રાજેશ દંડ, યશ લોડાયા, હર્ષ લાલકા, ભદ્રી દંડ, મંગલ લાલકા, હેમંત મોતા, જોની દંડ પધારેલ. બાલાશ્રમ આશ્રમમાં રૂા.૧૧૦૦૦ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ અને રૂા.૧૧૦૦૦ મંગલ જેઠાભાઈ લાલકા પરિવારે લાભ લીધો. ઓગસ્ટ મહિનામાં સગપણ સંમેલન રાખવામાં આવશે. તારીખ નક્કી કરીને જાણ કરશું. સગપણ સંમેલન ફક્ત ક.દ.ઓ.જૈન જ્ઞાતિના યુવકો માટે છે.




# શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમની કારોબારી સમિતિની સભા યોજાઈ




શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમની કારોબારી સમિતિની સભા રવિવાર, તા. ૨૨.૦૬.૨૦૨૫ ના જલગામ મુક્કામે લેવામાં આવી. મંચ ઉપર પ્રમુખ શ્રી મનિષભાઈ લોડાયા ચાલિસગામ, ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ દંડ માલકાપુર, માનદમંત્રી શ્રી ગોવિંદજીભાઈ સોની ધુલિયા, મહિલા મંચના પ્રમુખ સૌ. કાશ્મીરાબેન લોડાયા સંભાજીનગર, યુવા મંચના પ્રમુખ શ્રી સાગરભાઈ લાલકા પૂણે, જલગામ મહાજનના પ્રમુખ શ્રી અશોકભાઈ પોલાડિયા વીરાજમાન હતા. મહારાષ્ટ્ર એકમના પદાધિકારી પૂના, સંભાજીનગર, માલકાપુર, જલગામ, ચાલિસગામ, ધુલિયા, પાચોરા, અમરાવતી, યવતમાલ, કારંજા, અહિલ્યાબાઈનગર, લાતુર એવા વિવિધ શહેરોથી પધાર્યા હતા. જ્ઞાતિ ઉત્કર્ષલક્ષી વિવિધ ઉપક્રમોઉપર ચર્ચા થઈ. મહારાષ્ટ્ર એકમની વિવિધ યોજના અંગે નિર્ણય લેવાના.

● શૈક્ષણિક સહાયતા યોજના, ● શૈક્ષણિક પ્રોત્સાહન યોજના ● વૈદ્યકીય સહાયતા યોજના ● માસિક સાધર્મિક ભક્તિ યોજના ● લખપતિ સાધર્મિક પરિવાર યોજના ● મહિલા વ્યવસાય લોન યોજના (વગર વ્યાજે)

સર્વ પદાધિકારિયોએ પોતાના મંતવ્યો આપ્યાં. સભા બપોરે ૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી ચાલી.

મહારાષ્ટ્ર એકમ ના જલગામના પધાધિકારિયોએ આ સભાને હોસ્ટ કરેલ. એક મિનિ-કોન્ફરન્સ સમ સુંદર વ્યવસ્થા કરેલ. બપોરની સાધર્મિક ભક્તિ તથા ચોવિહારનીં વ્યવસ્થા હોસ્ટ પધાધિકારિયોએ કરેલ. એમની ખૂબ અનુમોદના.





# શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ દ્વારા આગામી પર્યુષણ પર્વ પ્રસંગે આરાધના માટે પરજાઉ પધારવાનું આમંત્રણ

પ્રતિ વર્ષની માફક આ વર્ષે સ્થાનિક પરજાઉ નગરે શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ દ્વારા પર્યુષણ મહાપર્વની આરાધના અને ઉજવણી કરવામાં આવશે. જેનો લાભ લેવા પરજાઉ ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનો અને નિયાણી બહેનોને પધારવાનું ભાવભર્યું આમંત્રણ. ટ્રસ્ટ મંડળ વતીથી પ્રમુખ ગુલાબભાઈ ધનજીભાઈ દંડ તરફથી અપાયું છે.

મહાપર્વ ઉત્સવ આયોજન માટેના કાર્યક્રમની વિગતવાર તારીખો નીચે મુજબ રીતે નિર્ધારીત થઈ છે.

શ્રાવણ વદ ૧૦ સોમવાર તા.૧૮ ઓગસ્ટ મુંબઈથી સયાજીનગરી ટ્રેન દ્વારા પ્રયાણ. શ્રાવણ વદ ૧૧/૧૨ મંગળવાર તા.૧૯ ઓગસ્ટના પરજાઉ નગરે આગમન. શ્રાવણ વદ ૧૩ બુધવાર તા.૨૦ ઓગસ્ટથી ભાદરવા સુદ ૬ ગુરૂવાર તા.૨૮ ઓગસ્ટ સુધી પરજાઉ નગરે પર્યુષણ મહાપર્વની ભવ્ય આરાધના. ભાદરવા સુદ ૭ શુક્રવાર તા.૨૯ ઓગસ્ટના દિને પરજાઉ કચ્છથી કચ્છ એક્સપ્રેસ દ્વારા મુંબઈ ભણી પ્રયાણ. ભાદરવા સુદ ૮ શનિવાર, તા.૩૦ ઓગસ્ટના રોજે મુંબઈ આગમન.

રેલ્વે વિભાગ દ્વારા થયેલ નિયમાવલી પ્રમાણે ટિકીટ આરક્ષણ ૬૦ દિવસ પહેલાં થતું હોવાથી આપની ટિકિટો આપના અનુકૂળ પ્રમાણે કઢાવી લેવા સૌને વિનંતી સ્થાનિકે વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે. આપના આગમનની જાણ વહેલી તકે કરવા વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

આ પ્રસંગે સાધર્મિક ભક્તિના ખર્ચને પહોંચી વળવા એક દિવસનો નકરો રૂા.૧૫ હજાર નિર્ધારેલ છે. સર્વે જ્ઞાતિજનો અને નિયાણી બહેનોએ લાભ લેવા વિનંતી.

---

# ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનો જોગ

આપના કુટુંબમાથી કોઈ પણ ભાઈ કે બહેને વિ.સં.૨૦૫૧ પછી અચલગચ્છ, તપાગચ્છ, ખડતરગચ્છ કે પાર્શ્વગચ્છ કે કોઈપણ સંઘમાં પ્રવજ્યા (દિક્ષા) લીધી હોય તો નીચે જણાવેલ વિગતે માહિતી શ્રી સમસ્ત ક.ગ.ઓ.જૈન મહાજનની ગ્રંથ સમિતિને C/o. ગુર્જરમાત, શ્રી જયંત છેડા-૯૮૬૯૦૦૫૪૦૩ ઈ-મેલ : kdogranth@gmail.com પર જરૂરથી તુરંત મોકલવા વિનંતી છે. કે જેથી તે વિગતોને સમસ્ત મહાજન દ્વારા ક.દ.ઓ.જૈન જ્ઞાતિના ઈતિહાસ ગ્રંથમાં આમેજ કરી શકાય. આપ સૌના હકારાત્મક પ્રતિસાદની અપેક્ષા રાખીએ છીએ.

લી. જયંત છેડાના જય જીનેન્દ્ર.

---

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડૉ. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |



# વતનજા વાવડ ...

– સં. રાજન ચદે 'ધૂની'

● નર્મદાનું પાણી કચ્છમાં આવશે એ વર્ષોથી સંભાળતી વાતો આખરે હકીકત સાબિત થઈને મોડકૂબા સુધી કચ્છ શાખા નહેરમાં રેવાના નીર વહેતાં થયાં છે ત્યારે અબડાસાના ખેડૂતોના મનનો સવાલ હતો કે અમારી પાસે નર્મદાના નીર ક્યારે પહોંચશે? સરકારે ફાળવેલા એક મિલિયન એકર ફીટ પૂરના પાણીની પાઈપ લાઈન અબડાસાના સમૃધ્ધ ભવિષ્યની જીવન રેખાનો ચિતાર બદલાવવાનો ધમધમાટ જોરશોરથી કાર્યરત છે. અબડાસાના પાટ, કુરૈયા, ભારાપર વિસ્તારના કાચા ધુળિયા માર્ગે નર્મદાના પાણીનું પાઈપ લાઈન વાટે આગમન થવાનું છે. દરિયામાં વહી જતું નર્મદાના પુરનું પાણી અબડાસા સુધી પહોંચાડી હયાત ડેમોને હર્યા ભર્યા કરવાની જવાબદારી કચ્છ સિંચાઈ વિભાગને સોંપવામાં આવી છે.

● એક જ જગ્યાએથી લાઈમસ્ટોન અને લિગ્નાઈટ બન્ને ખનિજ ધરતીના પેટાળમાંથી જ્યાંથી મળી રહે છે એવી પુનરાજપુર લખપત ખાણને શરૂ કરવા રાજ્ય ખનિજ વિકાસ નિગમ કટિબધ્ધ બન્યું છે. પર્યાવરણ સહિતની મંજૂરીઓ મેળવ્યા બાદ નિગમ દિવાળી પહેલાં કચ્છની આ નવી ખાણમાં ઉત્પાદન શરૂ કરવાની ગણતરીએ આગળ વધી રહ્યું છે. પુનરાજપુર-લખપત ખાણને લઈને વાર્ષિક ૨૯૦ લાખ ટન લાઈમસ્ટોન અને ૩૦ લાખ ટન લિગ્નાઈટનું ઉત્પન્ન કરવાનો નિગમનો અંદાજ છે. આ ખાણ માટે ખનિજ નિગમ દ્વારા એક હજાર કર્મચારીને ફરજમાં લેવાશે જે પૈકી ૬૦ ટકા ભરતી સ્થાનિકના લોકોની કરાશે તેવું સતાવાર જાહેર કરાયુ ંછે. નવી શરૂ થવા જઈ રહેલી આ ખાણના વિસ્તારના ધરતી પેટાળમાં ૩૦ લાખ મિલિયન ટન લિગ્નાઈટ અને ૫૬૨ મિલિયન ટન લાઈમસ્ટોનનો જથ્થો ધરબાયેલો હોવાની વિગતો અપાઈ છે. ખાણ પૂર્ણ પણે કાર્યરત થયેથી દરરોજ બાવીસ ટનની ૫૦૦ ગાડીઓ ભરી શકાશે તેવી તૈયારીઓ રખાઈ છે. લાઈમસ્ટોનનો મોટો જથ્થો મળી રહેવાનો હોવાથી જુદી-જુદી પાંચ સિમેન્ટ કંપની પોતાના પ્લાન્ટ નાખવા આ વિસ્તાર માટે આગળ આવી છે.

● રસ્તા ઉપર ફરતાં બીમાર ગૌવંશ અને પશુઓની સારવાર સહિતની પ્રવૃત્તિઓ અંજાર આદિપુર રોડ પર આવેલી કામધેનુ ગૌ સેવા ટ્રસ્ટે અનોખો સેવાયજ્ઞ ચાલુ રાખ્યો છે. પશુઓ માટેની હોસ્પિટલમાં ઓપરેશન થિયેટર સહિતની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે. આજથી ૧૪ વર્ષ પહેલાં આ સેવા સંસ્થાનો પાયો નખાયો હતો. ૨૫ કિલો મીટરની ત્રિજ્યામાં બીમાર અને ઈજાગ્રસ્ત ગૌવંશની સારવાર માટે સવારે ૮ થી રાત્રે ૮ વાગ્યા સુધી ત્રણ એમ્બ્યુલન્સ કાર્યરત છે. ગૌશાળામાં ડોક્ટરો સહિત પાંચ મેડિકલ ટીમ ગૌવંશ અને અબોલ જીવોની સેવા કરી રહ્યા છે. ઓપીડી, આધુનિક ઓપરેશન થિયેટર મેડિકલ અને જનરલ વોર્ડ, ગાયનેક વોર્ડ, આઈ.સી.યુ.વોર્ડ સહિત જુદા જુદા ૧૨ વોર્ડ બનાવવામાં આવ્યા છે. ૨૦૦×૬૦ ના બે અને ૩૦૦×૯૫નો વિશાળ સુવિધા સભર શેડ બનાવવામાં આવ્યા છે. ત્રણ સારથિ અને ૨૦ થી ૨૨ લોકો જુદી જુદી કામગીરી કરે છે. જેમાં પરિસરની સફાઈ, ગૌ માતાને ચારો, પાણી આપવું, બીમારી પશુઓની દેખરેખ સહિતની બાબતો જુએ છે. હાલમાં શ્વાન, સસલાં, બળદ, નંદી, હરણ રોઝ, ઊંટ, ઘેટાં, મોર, કબૂતર, પોપટ વગેરે ઘાયલ અને બીમાર જીવોને સારવાર આપવામાં આવે છે.

● દાદર વેસ્ટમાં ૩૫ વર્ષથી સાડીની દુકાન પાનેરી ધરાવતાં વીરજી દેવરાજ ગડાને બિઝનેસ સાથે સામાજિક કાર્યો, ગૌ સેવા માટે નિરંતર કામ કરી રહેતાં હોવાને લીધે શ્રેષ્ઠ પ્રદાન બદલ વર્લ્ડ રેકોર્ડ બુક ઓફ ઈન્ડિયામાં સ્થાન મળ્યું છે. દાદરના સિટી લાઈટ હોલમાં યોજાયેલ સમારોહમાં તેમનું સન્માન કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે, અભિનેતા મહેશ માંજરેકર, મનસે અગ્રણી શર્મિલા રાજ ઠાકરે, અભિનેતા અમિત ભાનુશાલી, નિર્માતા રાહુલ મધુકર ભંડારેની ઉપસ્થિતમાં કરાયું હતું.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

## FIXED DEPOSIT
720 Days
RATE OF INTEREST

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens

STAMP FRANKING
Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

www.arihantbank.com
@ Arihant Bank